જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૯/૨૦૨૧ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૫૯૦/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૩૧/૦૮/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૭	૦	૧૧૬૩૭	૧૭૭૪૮	૦	૧૭૭૪૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૨	૦	૪૭૩૨	૬૨૬૮	૦	૬૨૬૮
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૮	૦	૧૦૮	૩૭૪	૦	૩૭૪
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૯૬૪૮	૪૮	૬૯૬૯૬	૭૦૫૯૮	૪૮	૭૦૬૪૬
કુલ		૮૬૧૨૫	૪૮	૮૬૧૭૩	૯૪૯૮૮	૪૮	૯૫૦૩૬

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૭	૩,૦૫,૪૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૦૯	૮,૦૯,૦૦૦/-

પાસા અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાસા નંબર- ૨૮/૨૦૨૧


મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ (૧) કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૪૯/૨૦૧૯ ધી ઇપીકો કલમ ૩૨૪,૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ તથા (૨) કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૧૦૩૧૮/૨૦૨૧ ધી ઇપીકો કલમ ૩૨૩,૩૫૪,૨૯૪(ખ),૪૨૭,૫૦૬(૨),૧૧૪ જીપી એકટ ૧૩૫(૧) તથા (૩) કૃષ્ણનગર પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૧૧૦૭૩/૨૦૨૧ ધી ઇપીકો કલમ ૩૨૩,૩૨૪,૨૯૪(ખ),૧૧૪ જીપી એકટ ૧૩૫(૧) મુજબ ના શરીર સબંધેના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૪૮૭ /૨૦૨૧ તા.૩૧/૦૮/૨૦૨૧ ના હુકમ આધારે તા.૩૧/૦૮/૨૦૨૧ ના કલાકઃ૨૧/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.ઇન્સ.શ્રી એ.જે.ચૌહાણ તથા એએસઆઇ શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.હે.કો. પ્રવિણભાઇ રામાભાઇ બ.નં.૯૦૩૦ તથા અ.પો.કો.મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫

આરોપીનું નામ:-

સુરજસિંગ સુરેન્દ્રસિંગ તોમર રહે.મ.નં.બી/૯૯,કર્ણાવતીનગર સ્વામી નારાયણ મંદીરની બાજુમાં નવા નરોડા અમદાવાદ શહેર



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૫૯૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૧૫૦ લીટર દેશી દારૂ, ૧૭૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૫૨૮ ક્વોટર ઇંગ્લીશ દારૂ, ૦૧ રીક્ષા અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧૭ કેસ કરી, ૧૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩,૨૩,૪૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૫૯૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૫૯૩/૨૦૨૧**

સોલા હાઈકોર્ટઃ ડૉ.ધૃવ અશોકભાઇ શાહ (ઉ.વ.૩૧) (રહે. હરીશરણ સોસાયટી ચાંદલોડિયા તળાવ પાસે ચાંદલોડિયા) એ તા.૩૧/૦૮/૨૦૨૧ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે જુન-૨૦૨૧ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી મિલિન્દભાઇ કનુભાઇ પટેલ (રહે. શુકન હોમ અયોધ્યાનગર સામે ન્ય રાણીપ) એ **ડૉ.**ધૃવ શાહની ક્યુરા હોસ્પીટલમાં આવેલ ફાર્મા સ્ટોર ચલાવવા મીડીયેટર તરીકે જીઆઇ ફાર્માનો સંપર્ક કરાવેલ અને **ડૉ.**ધૃવ શાહની કયુરા હોસ્પીટલમાં જીઆઇ ફાર્મા તેમજ ઇન્વેસ્ટરોએ રૂપિયા ૩૧,૨૫,૦૦૦/- ચુકવેલ હતા પરંતુ જી.આઇ ફાર્મા ખોલવાની ડીલ કેન્સલ થતા પરત આપવાના થતા રૂપિયા ૩૧,૨૫,૦૦૦/- રૂપિયા પૈકી જી.આઇ. ફાર્માને રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- **ડૉ.**ધૃવ શાહએ ડાયરેકટ ચુકવી દીધેલ અને ઇન્વેસ્ટરોને ચુકવાના થતા રૂપિયા ૨૧,૨૫,૦૦૦/- બાકી રકમના ચેક તા.૧૮/૦૭/૨૦૨૧ ના રોજ **ડૉ.**ધૃવ શાહના ઘરે લેવા આવેલ અને તે ચેક ઇન્વેસ્ટરોને ડાયરેકટ આપવાનુ **ડૉ.**ધૃવ શાહએ કહેતા **ડૉ.**ધૃવ શાહને મીલીન્દભાઇએ ના પાડી દીધેલ અને હેમાંગભાઇ સાથે ફોનમાં ચેક આપી દેવા બાબતેની વાત કરાવી **ડૉ.**ધૃવ શાહ સાથે વિશ્વાસ કેળવીને **ડૉ.**ધૃવ શાહને બાંહેધરી આપી ઇન્વેસ્ટસ્ટરોને ચુકવવાના થતા રૂપિયા ૨૧,૨૫,૦૦૦/- પોતાના પર્સનલ એકાઉન્ટમાં પૈસા જમા કરાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.જે.રાણા ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૫૯૪/૨૦૨૧**

એલીસબ્રિજઃ એલીસબ્રિજ માદલપુર ગામ આર્શીવાદ પી.જી. ખાતે રહેતા પ્રદિપભાઈ પ્રકાશચંદ્ર ઉપાધ્યાય (મુળ વતન. ગામ.બોરી તા.ગડી જી.બાસવાડા રાજસ્થાન) એ એલીસબ્રિજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૦૮/૨૦૨૧ રાતના ૮/૦૦ થી તા.૩૦/૦૮/૨૦૨૧ કલાક ૬/૦૦ વાગ્યા દરમ્યાન રહેણાંક ખાતેથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૫,૦૦૦/-, મોબાઈલ ફોન કિમત રૂપિયા ૫૦૦૦/- અને રોકડ રૂપિયા ૪૫૦૦/- મળી કુલ રૂપિયા ૩૪,૫૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.આઈ.રબારી ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૫૯૫/૨૦૨૧**

ગાયકવાડ હવેલીઃ ગાયત્રીબહેન વા/ઓ જયેશભાઇ કહાર (રહે. કાદરીની ચાલી ભોઇવાડા જયશંકર સુંદરી હોલ સામે રાયખડ) એ તા.૩૧/૦૮/૨૦૨૧ ના રોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૦૮/૨૦૨૧ રાતના ૯/૦૦ થી ૯/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા મકાનમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧૫૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૮,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એમ.રાજપુત ચલાવે છે.

સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૧૫૯૬/૨૦૨૧**

ઘાટલોડીયાઃ રિધ્ધેશ્વરી ધર્મેન્દ્રભાઇ ચોહાણ (ઉ.વ.૨૩) (રહે. ખુશ્માન સોસાયટી ગુરૂકુળ રોડ સુભાષચોક મેમનગર) તા.૨૯/૦૮/૨૦૨૧ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે ઘાટલોડીયા ગુરૂકુળ રોડ હાઇલેન્ડ પાર્ક રેસ્ટોરન્ટ આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ રિધ્ધેશ્વરી ચોહાણના ગલામાંથી સોનાની ચેઈન પેડલ સાથે કિમત રૂપિયા ૫૫,૦૦૦/- ઝુટલી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રિધ્ધેશ્વરી ચોહાણે તા.૩૧/૦૮/૨૦૨૧ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.જે.મકવાણા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૫૯૭/૨૦૨૧**

સાબરમતીઃ પંકજભાઇ ડાહ્યાભાઇ પરમાર (ઉ.વ.૩૪) (રહે. સરસ્વતી ફ્લેટ ડી-કેબીન સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૮/૨૦૨૧ બપોરના ૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં ચાદર બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી હર્ષદકુમાર ચંદુલાલ ચલાવે છે.

સરખેજઃ ગૌરાંગભાઇ મગનભાઇ પરમાર (ઉ.વ.૩૮) (રહે. સૌમ્ય રેસીડન્સી ઉજાલા સર્કલ પાછળ સરખેજ) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૮/૨૦૨૧ બપોરના ૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી.ડી.ડોડીયા ચલાવે છે.

અમરાઇવાડીઃ દિનેશભાઇ રમણભાઇ પરમાર (ઉ.વ.૩૭) (રહે. ભાગ્યેશનગર સતાધાર રોડ અમરાઇવાડી) એ બિમારીથી કંટાળી તા.૩૧/૦૮/૨૦૨૧ કલાક ૧૦/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મહેન્દ્રસિંહ રામસિંહ ચલાવે છે.

વટવાઃ રફીકભાઇ મકસુદભાઇ અંસારી (ઉ.વ.૪૪) (રહે.સનાનગર સરતાજનગરની બાજુમાં વટવા) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૮/૨૦૨૧ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં ચાદર બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રમેશભાઇ ગીંબાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી